# આત્મિક ગુણવિકાસની ભૂમિકાઓ

सूरि
र
नगर

મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી

# આત્મિક ગુણવિકાસની ભૂમિકાઓ

મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી

જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ
મુંબઈ - ૪૦૦૦૦૭

Ãtmik Gunavikãsani Bhumikão

(Spirituality)

by Muni Shri Amarendravijayji

© **Gnanjyot Foundation Trust**

**કોપીરાઈટ** : **જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ**

C/o જયદીપ સાવલા

શેઠના હાઉસ, ત્રીજે માળે, ૧૩, લેબર્નમ રોડ, ગામદેવી,

મુંબઈ-૪૦૦૦૦૭. email : lfpw@vsnl.com

પ્રથમ આવૃત્તિ : એપ્રીલ, ૨૦૦૮

પ્રત ૨૦૦૦/ મૂલ્ય રૂા. ૧૦-૦૦

**પ્રકાશક :** જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,

વહીવટી કાર્યાલય :

C/o દિનેશ એચ. દેઢિયા

૪૦૫, કમલા નગર, એમ. જી. રોડ,

કાંદીવલી (વેસ્ટ) મુંબઈ

ફોન : (૦૨૨) ૬૪૫૧૪૬૭૧

**ટાઈપસેટિંગ** : કિરીટ ગ્રાફિક્સ - અમદાવાદ.

(૦૭૯) ૨૫૩૫૨૬૦૨

**મુદ્રક** : એસ. એન્ડ એસ. પેકેજીંગ

સર્વે નં. ૨૧૩, પ્લોટ નં. -૩

દાદરા નગર હવેલી,

પીન - ૩૯૬૨૩૦

ફોન : ૯૧-૨૨-૨૩૮૦૬૫૯૪, ૨૩૮૦૫૫૩૭

email : lfpw@vsnl.com

# અંતરની અભિલાષા

અનેક જિજ્ઞાસુ-મુમુક્ષુ જનોના આધ્યાત્મિક માર્ગદર્શક પ. પૂ. મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી મહારાજ હવે આપણી વચ્ચે નથી એ દુઃખદ્ વાસ્તવિક્તા આપણે સ્વીકારવી રહી. તેમનાં પુસ્તકો દ્વારા જ તેમનું પરોક્ષ માર્ગદર્શન હવે મેળવવું રહ્યું. પૂજ્યશ્રીએ પ્રગટાવેલ જ્ઞાનજ્યોત નિરંતર પ્રકાશ આપતી રહેશે એ નિશ્ચિત છે.

પૂજ્ય મહારાજશ્રીના આશિર્વાદ સાથે 'જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન'ની સ્થાપના થઈ અને તેના દ્વારા 'અચિંત ચિંતામણી નવકાર'થી શુભ શરૂઆત કરી. 'વિપશ્યના શું છે ?' તથા 'આત્મજ્ઞાન અને સાધનાપથ' એ પુસ્તકો પ્રગટ કર્યા. 'મુમુક્ષુઓ અને વિપશ્યના'ની નવી સંવર્ધિત આવૃત્તિનું કાર્ય ચાલુ હતું ત્યાં પૂજ્યશ્રીએ અણધારી વિદાય લીધી. કાળધર્મના સમાચાર મળતાં તેઓશ્રીના ઉપકારો યાદ આવ્યા. મનમાં એક સંકલ્પ ઉઠ્યો કે પૂજ્યશ્રીના પ્રગટ-અપ્રગટ પુસ્તકોનાં પ્રકાશન માટે શક્ય એટલું બધું કરી છૂટવું અને એમાંથી *''જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ''* ની રચના થઈ.

આધ્યાત્મિક ગુણવિકાસના તબક્કાઓનું શાસ્ત્રીય નિરૂપણ કરતી આ પુસ્તિકા પ્રગટ કરતાં આનંદ થાય છે.

પૂજ્યશ્રીની કૃતિઓના પુનર્મુદ્રણ તથા હિંદી-અંગ્રેજી અનુવાદોનું કાર્ય પણ પ્રગતિમાં છે. પૂજ્યશ્રીના સાહિત્યના સંપાદનનો ભાર પૂ. ઉપા. શ્રી ભુવનચંદ્રજી મહારાજે સંભાળ્યો છે તે માટે આપણે સૌ તેમના ૠણી છીએ.

ફાઉન્ડેશનને અનુદાન આપનાર શ્રેયાર્થી સજ્જનોનો આભાર. પૂજ્યશ્રીના પુસ્તકોનાં વાંચન-મનનથી વધુ ને વધુ લોકો ધર્મલાભ-બોધિલાભ પ્રાપ્ત કરો એ જ મંગળકામના.

માર્ચ - ૨૦૦૮

'જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ' વતી
ટ્રસ્ટીઓ

# આ પુસ્તક વિષે

અધ્યાત્મમૂર્તિ પૂજ્ય મુનિવર શ્રી અમરેન્દ્રવિજયજી મહારાજ સાહેબના કાળધર્મ સાથે જૈન સંઘની એક પ્રખર આધ્યાત્મિક પ્રતિભાનો અસ્ત થયો. પાર્થિવદેહે હવે તેઓ આપણી વચ્ચે નથી કિંતુ અક્ષરદેહે તો છે. રત્નદીપ સમાં તેમનાં પુસ્તકો સદીઓ સુધી પ્રેરણા અને પ્રકાશ આપતાં રહેશે.

તેમની સર્વ શ્રેષ્ઠ કૃતિ છે - ' આત્મજ્ઞાન અને સાધનાપથ.' એ પુસ્તકમાંનું આત્મિક ગુણવિકાસની ભૂમિકાઓની વિસ્તૃત છણાવટ કરતું ચોથા પ્રકરણનું પરિશિષ્ટ સ્વતંત્ર પુસ્તક રૂપે પ્રગટ કરવાની પૂજ્યશ્રીની ભાવના હતી. એ પ્રકરણ આજે 'આત્મિક ગુણવિકાસની ભૂમિકાઓ' એ નામે સ્વતંત્ર પુસ્તિકા રૂપે પ્રસિદ્ધ થઇ રહ્યું છે.

'આત્મજ્ઞાન અને સાધનાપથ'નું ત્રીજું પ્રકરણ અનુભૂતિના સ્વરૂપની ઊંડી છણાવટ કરે છે. ચોથું પ્રકરણ અનુભૂતિજન્ય જ્ઞાનના રૂપ-સ્વરૂપની છબી પ્રસ્તુત કરે છે. જાત વિશેના તથા જગત વિશેના વ્યક્તિના ખ્યાલ અનુભૂતિ કેવી રીતે બદલી નાખે છે તેનું નિરૂપણ કરતાં લેખક મુનિવર્યે આધુનિક વિજ્ઞાનના નિષ્કર્ષોની ગહન છતાં રસપ્રદ ચર્ચા આ પ્રકરણમાં કરી છે. અનુભૂતિ પહેલાંની અને પછીની ભૂમિકાઓ વિશેનું વિવરણ ત્યાં પરિશિષ્ટમાં અપાયું છે તે અહીં સ્વતંત્ર લેખરૂપે પ્રગટ થાય છે. માત્ર શાસ્ત્રીય શાબ્દિક માહિતી નહિ, પણ તે તે ભૂમિકાએ સ્થિત જીવાત્માઓના આંતરિક પ્રવાહોનું ખૂબ જ જીવંત વર્ણન આ લેખમાં થયું છે.

વાચકોને અનુરોધ છે કે તેઓ આ પુસ્તકને ઉતાવળે ન વાંચી જતાં, કોઇ શૈક્ષણિક પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરતા હોય તેમ, વિચારપૂર્વક વાંચે. એ રીતનાં વાંચનથી આ અદ્ભૂત લખાણનો રસ માણી શકાશે. ઉપરાંત આ ગહન વિષયમાં મંગળ પ્રવેશ થશે, જેમાં આપણે સૌએ ક્યારેક તો પ્રવેશ કરવાનો જ છે. વાચકો આ પુસ્તકના માધ્યમે અંતર્મુખતાના ક્ષેત્રમાં પ્રવેશ પ્રાપ્ત કરી સહજ સુખના સાક્ષી બને એ જ મંગળકામના.

તા. ૩/૨/૦૮ **ઉપા. ભુવનચંદ્ર**

ધ્રાંગધ્રા.

# આત્મિક ગુણવિકાસની ભૂમિકાઓ

લાંબી મુસાફરીએ નીકળેલ પથિક પોતાની યાત્રાના માર્ગનો – routeનો – કંઈક પરિચય મેળવી લે તો, મુસાફરી દરમ્યાન તેણે કેટલો પંથ વટાવ્યો છે, તે ક્યાં આવી પહોંચ્યો છે અને હજુ તેણે કેટલો પંથ કાપવાનો બાકી છે તે જાણવું તેને સુગમ પડે, ખોટી આશંકાઓમાં કે ભ્રમણામાં તે ન અટવાય, અને આડમાર્ગે ફંટાઈ જતાં પણ તે બચી શકે. આશંકા, ભય, ભ્રમ અને અજ્ઞાન સાથે વસે છે. માટે, મુક્તિપથના યાત્રીએ પણ તેણે કાપવાના માર્ગનો અને વચ્ચે આવતા પડાવોનો કંઈક પરિચય મેળવી લેવો ઇષ્ટ છે.

અનાદિથી ભવભ્રમણ કરી રહેલ આત્મા જ્યારે મોક્ષ તરફ પહેલ વહેલી મીટ માંડે ત્યારથી શરૂ કરીને, ક્રમશઃ આત્મવિકાસ કરતો રહી તે મુક્તિ પ્રાપ્ત કરે ત્યાં સુધીના સમગ્ર પથને જૈનદર્શન ચૌદ વિકાસ-ભૂમિકામાં આવરી લે છે. આત્મિક ગુણવિકાસની એ ચૌદ ભૂમિકાઓ માટે જૈન પરિભાષામાં 'ગુણસ્થાનક', 'ગુણસ્થાન' કે 'ગુણઠાણું' શબ્દ પ્રચલિત છે.

આત્મા પર 'પર'ની અર્થાત્ જડની/પુદ્ગલની પકડ જેટલી વધુ તેટલી તેની ભૂમિકા નીચી અને એ પકડમાંથી તે જેટલે અંશે મુક્ત થાય તેટલી તેની ભૂમિકા ઊંચી.

ભવભ્રમણ કરી રહેલ આત્મા આ ચૌદ ગુણઠાણામાંથી જ્યાં વધુ સમય પસાર કરે એવાં ગુણસ્થાન પાંચ જ છે : પહેલું, ચોથું, પાંચમું, છઠ્ઠું અને તેરમું. બાકીનાં ગુણઠાણાં તો પુરપાટ દોડ્યે જતી કારની મુસાફરી દરમ્યાન વચ્ચે આવતા 'માઈલસ્ટોન'ની જેમ, કે 'ફાસ્ટ' ટ્રેનની મુસાફરીમાં પસાર થઈ જતાં વચલાં સ્ટેશનોની જેમ, ઝડપભેર વટાવી જવાય છે; ત્યાં પડાવ નાખીને ઘડીભર

વિસામો લઈ શકાતો નથી કે નથી ત્યાં પળભર થોભી શકાતું. એટલે, રોજિંદા જીવનમાં જેનો સંપર્ક થઈ શકે એવી વ્યક્તિઓ ઉપર્યુક્ત પાંચ ગુણઠાણામાંના જ કોઈ એક ગુણઠાણે રહેલી હોવાની; અન્ય કોઈ ગુણસ્થાનકે સ્થિત વ્યક્તિ સાથે મેળાપ/વાર્તાલાપ થવો શક્ય નથી. આથી, આપણે અહીં આ પાંચ ગુણસ્થાનનો કંઈક વિગતે પરિચય મેળવીએ.

### *૧. મિથ્યાત્વ ગુણસ્થાન*

પહેલા ગુણસ્થાનનું પારિભાષિક નામ છે મિથ્યાત્વ ગુણસ્થાન. મુક્તિમાર્ગે પા પા પગલી માંડતી વ્યક્તિઓનું – આધ્યાત્મિક ઍવરેસ્ટની તળેટીએ રહેલ આરોહકોનું – આ ગુણઠાણું છે.

અનાદિથી જડ સાથે ઓતપ્રોત રહેલ આત્મા જ્યારે મુક્તિ તરફ પહેલ - વહેલી નજર દોડાવે છે અને દેવ-ગુરુ-ધર્મ તરફ વળે છે ત્યારથી આરંભીને, ક્રમશઃ આત્મવિકાસ કરતો તે આત્માનુભૂતિ ન પામે ત્યાં સુધી, આ ગુણસ્થાને રહેલો લેખાય છે.

આ ગુણસ્થાનકે રહેલ આત્માને પ્રારંભમાં જોકે દેવ-ગુરુ-ધર્મની સાચી ઓળખાણ હોતી નથી; અદેવ, અગુરુ અને અધર્મમાં દેવ-ગુરુ-ધર્મની બુદ્ધિ એને હોઈ શકે છે; છતાં, અનાદિની અવ્યક્ત મિથ્યાત્વ અવસ્થા – કે જેમાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તે સાવ ઉદાસીન રહ્યો હોય છે તે – માંથી બહાર નીકળીને, દેવ-ગુરુ-ધર્મની જરૂરિયાત અહીં એને જણાઈ એટલા અંશે એ ગુણવિકાસના પંથે પડ્યો લેખાય. એ પહેલાંની અવ્યક્ત મિથ્યાત્વની અવસ્થાનો સમાવેશ મિથ્યાત્વ ગુણસ્થાનમાં નથી થતો.[૧]

મિથ્યાત્વ ગુણસ્થાને રહેલ આત્મા, ક્રમશઃ[૨] મોહની પકડમાંથી છૂટીને, આત્મવિકાસ સાધતો રહે તો, કોઈ ધન્ય પળે *ચિત્તનું અતિક્રમણ કરીને આત્માનુભવ પામે છે;* ત્યારે પ્રથમ ગુણસ્થાનેથી છલંગ મારીને તે સીધો જ ચોથા કે તેનાથી યે ઉપરના ગુણસ્થાને પહોંચે છે.

અહીં એક વાત નોંધવી રહી કે અનાદિથી મિથ્યાત્વમાં રહેલ વિકાસોન્મુખ આત્મા બીજા–સાસ્વાદન–ગુણસ્થાનને કુદાવીને જ આગળ વધે છે. બીજા

---

૧. શ્રી રત્નશેખરસૂરિકૃત 'ગુણસ્થાન-ક્રમારોહ', શ્લોક ૬-૭.

૨. જુઓ લેખકકૃત 'આત્મજ્ઞાન અને સાધનપથ', પ્રકરણ બીજું - 'સાધનામાર્ગમાં શ્રુતનું મહત્ત્વ અને તેની મર્યાદા', 'તત્ત્વપ્રાપ્તિનો ત્રિવિધ માર્ગ' અને 'જ્ઞાનપ્રાપ્તિની ભૂમિકાઓ' – આ શીર્ષકો હેઠળ થયેલ નિરૂપણ.

ગુણસ્થાનનો પ્રથમ સ્પર્શ ઉપરના ગુણસ્થાનકેથી નીચે ગબડતો આત્મા જ કરે છે અને તે પણ ક્ષણવાર માટે જ.

અનુભવ પૂર્વેના, દીર્ઘ કાળ સુધી ચાલતા રહેતા આત્મવિકાસને આગમિક શૈલી એક જ ગુણસ્થાનમાં આવરી લેતી હોવાથી, પ્રથમ ગુણસ્થાનકે રહેલ મુમુક્ષુને પોતાના મોહની તરતમતા ઓળખવા માટે કોઈ નિશ્ચિત માપદંડ ગુણસ્થાનની શૈલીએ થયેલાં વિધાનોમાંથી સાંપડતો નથી. કિંતુ, આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે *'યોગદૃષ્ટિ સમુચ્ચય'* નામના તેમના ગ્રંથમાં, આત્મિક ગુણવિકાસની ભૂમિકાઓને 'યોગદૃષ્ટિ'ઓના નામે એક નવી પરિભાષા આપી છે. પ્રથમ ગુણસ્થાનકમાં સમાવિષ્ટ આત્મવિકાસને તે ચાર યોગદૃષ્ટિમાં વહેંચી નાખે છે; આથી, અંતર્મુખ મુમુક્ષુને પોતાના મોહની તરતમતા સમજવા માટેના સ્પષ્ટ સંકેતો 'યોગદૃષ્ટિ' ની શૈલીએ થયેલ વિવેચનમાંથી પ્રાપ્ત થઈ શકે છે. એટલે અહીં પ્રાસંગિક, પહેલી ચાર યોગદૃષ્ટિઓના સીમાચિહ્ન જેવા થોડાક અંશોની વાત કરવી ઉચિત છે.

આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે આત્મવિકાસની સમગ્ર યાત્રાને આઠ યોગદૃષ્ટિમાં આવરી લીધી છે; જેમાંની પ્રથમ ચાર યોગદૃષ્ટિ સમ્યગ્દર્શન પૂર્વેની દશા નિરૂપે છે અને બાકીની ચાર સમકિતની પ્રાપ્તિથી માંડીને મુક્તિ પર્યંતની યાત્રાને આવરી લે છે. જીવ યોગદૃષ્ટિ પામે તે પૂર્વેની અવસ્થાને એમણે *'ઓઘ દૃષ્ટિ* તરીકે ઓળખાવી છે. ઓઘદૃષ્ટિમાં રહેલ વ્યક્તિ પણ અનેકવિધ ધર્મ-પ્રવૃત્તિ કરતી-કારવતી હોય એવું બને, પણ તેનું *અંતર* તો સદા સંસાર તરફ જ ઢળેલું રહેતું હોય છે; આથી, તે સાચા ધર્મથી વિમુખ જ રહે છે.

**– પહેલી યોગદૃષ્ટિ**

ઓઘદૃષ્ટિ વટાવી, આત્મા પ્રથમ યોગદૃષ્ટિમાં આવે છે ત્યારે તેનું વલણ કેવળ ભોગાભિમુખ ન રહેતાં યોગાભિમુખ બને છે. ભવનો ઉદ્વેગ એનામાં જાગી ચૂક્યો હોય છે – "भवोद्वेगश्च सहजो ।"[૩] એના અંતરમાં ભવની નિઃસારતા વસેલી જ હોય – એને સંસારની અસારતા ઠસાવવા માટે ઉપદેશકે ઉપદેશની ઝડીઓ વરસાવવી પડતી નથી. રોજિંદા જીવનની કોઈ નાની-મોટી ઘટના કે જીવનની કોઈ વિષમતાના દર્શનથી/અનુભવથી, કે કોઈ જ્ઞાની પુરુષનાં બે વેણ સાંભળીને એ જાગી જાય છે – ભૌતિક જીવનની ઘટમાળની પોકળતા અને નિઃસારતા એના ચિત્તમાં વસી જાય છે, ને 'જીવનની સાર્થકતા શામાં ?' એ પ્રશ્ન એના અંતરમાં

---

૩. યોગદૃષ્ટિ૦, શ્લોક ૨૭.

ઘૂમરાવા લાગે છે અને તે ધર્મારાધના તરફ વળે છે. ઓઘદૃષ્ટિમાં રહેલ વ્યક્તિ ધર્મપ્રવૃત્તિ કરે તોયે એનું લક્ષ્ય તો સંસારને લીલોછમ રાખવાનું જ હોય છે; જ્યારે અહીં ધર્મપ્રવૃત્તિ દ્વારા મુક્તિ સિવાય અન્ય કશું મેળવી લેવાની કામના શ્રેયાર્થીના અંતરમાં રહેતી નથી.[૪]

પ્રથમ યોગદૃષ્ટિમાં રહેલ આત્માને ભવભ્રમણનો થાક વરતાતો હોવાથી, ભવનો અંત કેમ આવી શકે એ જિજ્ઞાસા તેને થાય છે. આથી, સંતોનાં જીવનચરિત્રોનું, કથાનકોનું, ઉપદેશગ્રંથોનું તેમજ યોગસાધકોના જીવનપ્રસંગો આદિનું તે રસપૂર્વક શ્રવણ-વાચન કરે છે તેમજ એવા સાહિત્યના લેખન-પ્રકાશનમાં ઉમંગપૂર્વક સહયોગ આપે છે, ખૂબ જ રસ અને ઉત્કંઠાપૂર્વક ગુરુ પાસેથી ઉપદેશ સાંભળે છે, અને સાધનાપથના પ્રવાસી મહાત્માઓની વિશુદ્ધ ભાવથી સેવા-ભક્તિ-શુશ્રૂષા કરે છે.

આ દૃષ્ટિમાં રહેલ મુમુક્ષુ દ્રવ્ય-આચાર્ય અને ભાવ-આચાર્ય – અર્થાત્ ગુરુ તરીકેની ગુણસંપત્તિ વિનાના વેશધારી કુળગુરુઓ અને આત્મજ્ઞ સંતો – ને આંતરસૂઝ વડે ઓળખી લે છે. *ફલતઃ એવા વેશધારી કુળગુરુઓથી વિમુખ રહી, લિંગ-વેશ કે મત-પંથથી નિરપેક્ષપણે સાચા સંતોના વિનય-બહુમાન-સેવામાં તે ઉલ્લાસ અનુભવે છે.*[૫]

ઓઘદૃષ્ટિમાંથી જીવ યોગદૃષ્ટિમાં આવેલ ત્યારે જ મનાય છે કે જ્યારે સત્પુરુષ સાથે 'આ સત્પુરુષ છે' એવી ઓળખપૂર્વકનો યોગ તેને થાય.[૬] સત્પુરુષ સાથેના આવા સમાગમને શાસ્ત્રીય પરિભાષામાં 'યોગાવંચકપણું' કહે છે. મુક્તિપથનું એ પ્રવેશદ્વાર છે.

સ્વમતમાં રહેલ કે અન્ય મત-પંથમાં રહેલ આત્મજ્ઞાની સંતોને વ્યક્તિ ઓળખી ન શકે તે એ સૂચવે છે કે તેની દૃષ્ટિ ઉપરથી મોહનું/દૃષ્ટિરાગનું પડળ હજુ ખસ્યું નથી; અને, તેનો ભાવમળ ઘટ્યો નથી – પારમાર્થિક મોક્ષમાર્ગમાં પ્રવેશ અર્થે જરૂરી ચિત્તશુદ્ધિ થઈ નથી. જેની નજર સારી હોય તે જેમ બાહ્ય રૂપને બરાબર પારખી શકે છે તેમ જેનો ભાવમળ ઘટ્યો હોય તે પોતાની આંતરસૂઝ વડે સાચા સંતોના આચાર-ઉચ્ચારમાં છતી થતી તેમના આત્મિક ઓજસની – અભય, અદ્વેષ, અખેદની –

---

૪. એજન, શ્લોક ૨૫.

૫. એજન, શ્લોક ૨૬; દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા. ૨૧, શ્લોક ૧૩ ટીકા.

૬. યોગદૃષ્ટિ૦, શ્લોક ૩૩ અને ૨૧૯.

આત્માને બાહ્ય વેશથી નિરપેક્ષપણે, અર્થાત્ તેમનાં બાહ્ય લિંગ-વેશાદિ ગમે તે હોય તોય, ઓળખી લે છે.[૭]

આમાંથી એ ફલિત થાય છે કે *મુમુક્ષુ પોતાનાથી અન્ય મત-પંથ-વેશમાં રહેલ આત્મજ્ઞ સત્પુરુષોને 'સત્પુરુષ' તરીકે ઓળખી ન શકતો હોય કે એમના પ્રત્યે એને આદરભાવ ન જાગતો હોય તો એની એ ક્ષતિ એ વાત છતી કરી દે છે કે એને યોગાવંચકપણું પ્રાપ્ત થયું નથી; બીજા શબ્દોમાં કહીએ તો તે પહેલી યોગદષ્ટિમાં પણ આવ્યો નથી !* આ કટુ તથ્ય પ્રત્યે મુમુક્ષુ શાહમૃગીયવૃત્તિ રાખી ન શકે. મુમુક્ષુએ આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે દષ્ટિરાગના ઘેનમાં તે મુક્તિપથના પ્રવેશદ્વારથીયે દૂર તો નથી ફંટાઈ રહ્યો ને ?

આત્મિક ગુણસંપત્તિના બદલે કેવળ બાહ્ય ચર્યા કે લિંગ-વેશમાં જ ધાર્મિકતા કે સંતપણું જોનાર આત્માઓ, અન્ય મતપંથ-સંપ્રદાયના ગુણી-જનો કે સંતપુરુષોમાં સાચી આધ્યાત્મિકતાના પરિચાયક ગુણો હોવા છતાં, માત્ર તેમના લિંગ-વેશ કે બાહ્ય ચર્યા પોતાના મત-પંથ-સંપ્રદાયથી ભિન્ન હોવાને કારણે, તેમનું સાચું હીર પારખી શકતા નથી. આથી, તેમનો ઉચિત આદર-સત્કાર કરવાનું તો બાજુએ રહ્યું, તે એમનો અનાદર અને વખતે અવહેલના કે ઉપહાસ પણ કરી બેસે છે. સ્વપક્ષમાં રહેલ સારા-નરસા સૌ સંસારત્યાગીઓને તે 'સુગુરુ' માની ભજે છે અને અન્ય ધર્મ-મતના સાચા સંતો અને જ્ઞાનીજનોનેય તે 'કુગુરુ' 'મિથ્યાદષ્ટિ', 'નાસ્તિક', 'કાફર' આદિ કહી ઉવેખે છે. *આમ અજ્ઞાન આત્માઓ સાંપ્રદાયિકતામાં અટવાઈ, પોતાના પંથની છાપ નીચે ચાલતા પાખંડનાયે પગ પખાળ્યા કરે છે અને અન્યત્ર રહેલ સાચી ધાર્મિકતાનોયે અનાદર અને પ્રસંગે હાંસી, ઉપહાસ કે અવહેલના પણ કરી બેસે છે; ને તેના દ્વારા ભવભ્રમણ વધારતા રહે છે.* ભલેને એ ભૂલ અજ્ઞાનથી થતી હોય, તોયે એનો દંડ અવશ્ય થાય છે – Nature does not pardon ignorance.*

---

૭. (i) એજન, શ્લોક ૩૫, ૩૬.

૮. યોગદષ્ટિ૦, શ્લોક ૧૩૪-૧૪૨;

(ii) દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, દ્વા. ૨૩, શ્લોક ૨૯ ટીકા.

* લેખક કૃત *'આપણે આત્મનિરીક્ષણ કરીશું ?'* ગ્રંથના બીજા પ્રકરણ : 'લિંગ વેશસું કામ ન સીઝે' માંથી ઉદ્ધૃત.

આથી જ *'અધ્યાત્મ કલ્પદ્રુમ'* ગ્રંથના કર્તા તત્ત્વજ્ઞ આચાર્ય મુનિસુંદરસૂરિજી મુમુક્ષુને અનુરોધ કરે છે કે,

> દેવ, ગુરુ અને ધર્મ – એ તત્ત્વત્રયીમાં ગુરુ કેન્દ્રમાં છે; ગુરુ ખોટા પકડાય તો, ગુરુના આદેશ-ઉપદેશ પ્રમાણે થતી સર્વ ધર્મારાધના ખોટી રીતે થાય. આ કારણે, ગુરુ તરીકેની પાત્રતાની ખાતરી કર્યા વિના ગમે તેને ગુરુસ્થાને સ્વીકારી લેનાર વ્યક્તિનો ધર્મસાધનાનો ભારે ઉદ્યમ પણ વ્યર્થ જાય છે. એવા આત્માઓની સ્થિતિ ઊંટવૈદ્યની સારવાર લઈ રહેલ રોગી જેવી છે; એ આત્માઓ વિષમ ભવસાગર કેમ તરી શકે ? માટે શ્રેયાર્થીએ દૃષ્ટિરાગને તિલાંજલિ આપી દઈને, અંતર્મુખ, ઉપશાંત, સંયત, નિરીહ – કંચન-કામિની કે કીર્તિ આદિની સ્પૃહા વિનાના – આત્મજ્ઞ ગુરુ ધારવા જોઈએ.[૯]

મોક્ષમાર્ગે નિશ્ચિત પ્રગતિ અર્થે, મુમુક્ષુને સદ્‌ગુરુનો યોગ થવો એ પહેલી શરત છે. આત્મનિષ્ઠ સદ્‌ગુરુનો યોગ થતાં, યોગ, ક્રિયા અને ફળ – એ ત્રિવિધ અવંચકયોગ નિષ્પન્ન થાય છે. સત્પુરુષનો યોગ અને તે સાથે તેમની સાચી ઓળખ હોય એટલે ગુરુનો આદર-સત્કાર-સેવા-શુશ્રૂષારૂપ ક્રિયા તો થવાની જ અને, એના પરિપાકરૂપે, કાળક્રમે – મોડું વહેલું – સદ્ધર્મની પ્રાપ્તિ/સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ રૂપ ફળ પણ આવવાનું.[૧૦] બરાબર નિશાન લઈને છોડેલું તીર લક્ષ્યની દિશામાં જ આગળ વધતું રહી લક્ષ્યને અવશ્ય વીંધે છે તેમ, આત્મજ્ઞ સદ્‌ગુરુ સાથેના સંપર્ક/સહવાસથી નિષ્ઠાવાન મુમુક્ષુની ધર્મસાધના સદા લક્ષ્યની દિશામાં જ પ્રવાહિત રહી તેને લક્ષ્યની પ્રાપ્તિ સુધી અવશ્ય દોરી જાય છે.[૧૧]

### — બીજી યોગદૃષ્ટિ

સત્સંગ, સદાચારમાં પ્રવૃત્તિ અને શ્રવણ-વાચન કરતાં કરતાં મુમુક્ષુના અંતરમાં તત્ત્વજિજ્ઞાસા પ્રગટે છે; ત્યારે માત્ર શ્રવણ-વાચનથી સંતોષ ન માનતાં, મોક્ષમાર્ગનું હાર્દ પામવા માટે તે સ્વયં ચિંતન-મનન કરે છે. પહેલી યોગદૃષ્ટિમાં રહેલ આત્મા

---

૯. અધ્યાત્મકલ્પદ્રુમ, અ. ૧૨, શ્લોક ૧, ૨, ૫.

૧૦. વિંશતિવિંશિકા, વિંશિકા ૫, ગાથા ૧ – ૫; યોગદૃષ્ટિ૦, શ્લોક ૨૧૯-૨૨૧.

૧૧. યોગદૃષ્ટિ૦, શ્લોક ૩૩-૩૪.

આગમપ્રધાન હોય છે – અર્થાત્ મુક્તિના ઉપાયોના જ્ઞાન માટે તે શાસ્ત્ર અને 'ગુરુ' પ્રત્યે મીટ માંડે છે; જ્યારે બીજી યોગદૃષ્ટિમાં આવેલો આત્મા તર્કપ્રધાન હોય છે – તત્ત્વનું અર્થાત્ બંધ અને મોક્ષના રહસ્યનું જ્ઞાન મેળવવા તે મથે છે તથા, 'જ્ઞાન' અને 'ક્રિયા'નું હાર્દ પામવા તે ઊંડું મંથન કરે છે.[૧૨] ઉપદેશ સાંભળીને કે શાસ્ત્રો વાંચીને તે બેસી નથી રહેતો પણ તેના *હાર્દ* સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે – તત્ત્વગવેષણા કરે છે – સત્ય પામવા તે જાતે વ્યાપક ખોજ આદરે છે. અહીં એને શબ્દની/શાસ્ત્રની અને બુદ્ધિની/તર્કની મર્યાદા સમજાઈ જાય છે. આથી, શાસ્ત્રજ્ઞાન વધવા છતાં તે વિનમ્ર બને છે અને પોતાના જ્ઞાનનું કે બુદ્ધિનું જરાયે ગુમાન ન રાખતાં, સાધનામાર્ગે આત્મજ્ઞ સંતોના માર્ગદર્શનને સ્વીકાર્ય અને આદેય ગણે છે.[૧૩] ''શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, શિષ્ટ કહે તે પ્રમાણ.'' એ સમજ એના અંતરમાં પ્રગટી ચૂકી હોય છે.

મોક્ષમાર્ગનું હાર્દ માત્ર શ્રવણ-વાચન-શાસ્ત્રાધ્યયન વડે નહિ પણ આંતરવિશુદ્ધિ અને સાધના વડે જ પ્રાપ્ય છે એ તથ્ય આ ભૂમિકાસ્થિત મુમુક્ષુના અંતરે વસી ગયું હોવાથી, ધ્યાનાદિ અંતરંગ યોગસાધના – જે આચાર્યાદિની પ્રમુખ સાધના મનાઈ છે – વિશે તેને અનહદ જિજ્ઞાસા રહે છે;[૧૪] સાથોસાથ, તેની પોતાની ધર્મપ્રવૃત્તિમાં રહેતી ન્યૂનતા/સ્ખલના તેને ખૂબ ખટકે છે. આમ છતાં, યમ-નિયમપૂર્વક પવિત્ર જીવન જીવવા માટે પોતે યથાશક્તિ યત્નશીલ રહ્યો હોવાથી, પોતાનું ભાવિ કલ્યાણપ્રદ જ હોવાનો વિશ્વાસ એને રહે છે; ફલતઃ ભવનો વધુ પડતો ભય/ફફડાટ તેને રહેતો નથી.[૧૫] વળી, તે પોતાની ભૂમિકાનું તટસ્થ રહી મૂલ્યાંકન કરે છે અને પોતામાં ન હોય એ ગુણ હોવાનો ખોટો ડોળ કરતો નથી.

**— ત્રીજી યોગદૃષ્ટિ**

તત્ત્વ શું છે તે સમજવાની અદમ્ય તૃષા, ધર્મપ્રવૃત્તિ ઝટઝટ પતાવી દેવાની મનોવૃત્તિનો અભાવ અને, અસત્ તૃષ્ણાની નિવૃત્તિના કારણે આસનની સ્થિરતા – આ છે ત્રીજી દૃષ્ટિમાં રહેલ મહાનુભાવોની ઓળખ આપતાં પ્રમુખ સદ્‌ગુણો.

---

૧૨. દ્વાત્રિંશિત્ દ્વાત્રિંશિકા, દ્વા. ૧૪, શ્લોક ૯, ૧૩.

૧૩. યોગદૃષ્ટિ૦, શ્લોક ૪૮.

૧૪. એજન, શ્લોક ૪૬.

૧૫. એજન, શ્લોક ૪૫.

આ દૃષ્ટિ જેને પ્રાપ્ત થઈ હોય તે વ્યક્તિ અસત્ તૃષ્ણાથી સહેજે દૂર રહે છે – ધનસંપત્તિ, ઐશ્વર્ય કે જીવનનિર્વાહ અર્થે આવશ્યક ન હોય એવા વૈભવવિલાસ પાછળની આંધળી દોટ તેમજ, સમાજમાં પ્રતિષ્ઠા/મોભો કે પદપ્રાપ્તિ અર્થેની લાલસા, યશ-કીર્તિ વિસ્તારવાની કામના કે જગતમાં પોતાનું નામ મૂકી જવાની ખેવના આદિ તૃષ્ણાઓ આ દૃષ્ટિસ્થિત મહાનુભાવોના અંતરમાંથી ઓસરી ચૂકી હોય છે. આથી, નિરર્થક અશુભ સંકલ્પ-વિકલ્પનાં જાળાંથી તેમનું ચિત્ત બહુધા મુક્ત રહે છે. ચિત્તની અસર કાયા પર પણ થતી હોવાથી એમના શરીરનો ક્ષોભ પણ ઘટે છે. ફલતઃ આ દૃષ્ટિમાં સ્થિત મુમુક્ષુ સાધક ક્ષુબ્ધ થયા વિના, લાંબો વખત એક આસને સુખપૂર્વક બેસી શકે છે;[૧૬] નકામી દોડધામ અને રઘવાટને એના જીવનમાં અવકાશ નથી રહેતો. ધર્મક્રિયા પણ તે પ્રણિધાનપૂર્વક તેમજ ધીરજ અને સ્થિરતા સાથે કરે છે – શૂન્યમનસ્કપણે કે રઘવાટભેર નહિ.[૧૭]

વળી, આ દૃષ્ટિપ્રાપ્ત મુમુક્ષુને કોઈ કારણસર, તત્ત્વશ્રવણ કે શાસ્ત્રાધ્યયન કરવાની તક ન મળે તોયે, નિષ્પાપ જીવન અને તત્ત્વશ્રવણની તેની તીવ્ર ઝંખનાના કારણે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થઈ જતાં, શ્રુત વિના પણ, તેના અંતરમાં આપમેળે જ્ઞાનનો ઉઘાડ થાય છે – કોઠાસૂઝ પ્રાપ્ત થાય છે. વળી સાધનામાં કોઈ વિઘ્ન/વિક્ષેપ ઉપસ્થિત થતાં તેને દૂર કરવાના ઉપાયો તેમજ આવશ્યક ઉપકરણ આદિ અન્ય અનુકૂળતા પણ આ દૃષ્ટિમાં રહેલ સાધકને પ્રાયઃ મળી રહે છે.

## — ચોથી યોગદૃષ્ટિ

આની પૂર્વેની દૃષ્ટિમાં શ્રવણ-મનન સાથે યોગાભ્યાસનો – ધારણા-ધ્યાનાદિ અંતરંગ યોગસાધનના અભ્યાસનો – પ્રારંભ થઈ ચૂક્યો હોવાના કારણે અશુભ સંકલ્પ-વિકલ્પની/આર્ત-રૌદ્રધ્યાનની પકડ આ ભૂમિકાએ રહેલ સાધકના ચિત્ત પરથી ઘટી હોય છે અને તેનો 'અહં' પણ મોળો પડ્યો હોય છે. વળી, આ ભૂમિકામાં તેને તત્ત્વ*શ્રવણ* પણ મળે છે. આથી, અહીં તેને તત્ત્વ*દર્શન*ની ઉત્કટ અભીપ્સા રહે છે, અન્ય કોઈ પ્રાપ્તિ એને સંતોષ આપી શકતી નથી. આયુષ્યની સમાપ્તિ સાથે જેનો અંત આવી જતો હોય એવી સર્વ પ્રાપ્તિઓ – ધનદોલત, પદ, પ્રતિષ્ઠા, નામના આદિ તેમજ યોગસાધનામાં વચ્ચે આવી મળતી અતીન્દ્રિય શક્તિઓ અને સિદ્ધિઓ સુધ્ધાં – પ્રત્યે એને આકર્ષણ રહેતું નથી. એ બધાં

---

૧૬. યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક ૫૦.
૧૭. એજન, શ્લોક ૫૧.

પ્રત્યે ઉદાસીન રહી તે પોતાનાં સમય-શક્તિ આત્મસાધનામાં કેન્દ્રિત કરવા પ્રયત્નશીલ રહે છે.

અહીં એને તત્ત્વ સમજાઈ ગયું હોવાથી દૃષ્ટિરાગ અર્થાત્ ગુણ-દોષ જોયા વિના પોતાના મત-પંથ-નિર્દિષ્ટ સિદ્ધાંત કે અનુષ્ઠાન પ્રત્યે આંધળું મમત્વ રહેતું નથી. આથી, તે એ જોઈ શકે છે/ સમજી-સ્વીકારી શકે છે કે વિભિન્ન મત-પંથના સત્પુરુષોના ઉપદેશની પરિભાષા ભલે જુદી હોય પણ એ બધાનો ધ્વનિ એક જ છે અને પ્રારંભિક કક્ષાએ સાધનાનું બાહ્ય સ્વરૂપ/કર્મકાંડના બાહ્ય આકાર-પ્રકાર દરેક સંપ્રદાયના જુદા જુદા હોવા છતાં, અંતે, બાહ્યભાવથી ઉપરત બની અપ્રમત્તપણે પોતાની ચિત્તવૃત્તિઓનું શોધન/*તટસ્થ* અવલોકન અને પરમતત્ત્વનું અનુસંધાન કરવા સ્વરૂપ સાધના સૌને સ્વીકાર્ય છે[૧૮] અને એ જ મુક્તિનો સર્વમાન્ય ઉપાય છે. આથી, પૂર્વે વિભિન્ન માર્ગે સાધનામાં પ્રવૃત્ત રહેલા *અલગ અલગ મત-પંથનાયે મુમુક્ષુ સાધકો જ્યારે આ ભૂમિકાને સ્પર્શે છે ત્યારે મતાગ્રહ તજી એ સૌ અંતર્મુખ બની જાય છે, અને તત્ત્વનો સાક્ષાત્કાર પામવાના લક્ષ્યે ચિત્તને શુદ્ધ, સમ અને ઉપશાંત કરવા સતત પ્રયત્નશીલ રહે છે.* આથી, સંકલ્પ-વિકલ્પની અલ્પતા અને 'અહં'નું બહુધા અનુત્થાન – એ બેમાં પ્રગતિ થતાં, આત્માનુભવ માટેની ભૂમિકા તૈયાર થાય છે અને એમને તેની કંઈક ઝાંખી અહીં પ્રાપ્ત થાય છે.

પહેલે ગુણઠાણે રહેલો મુમુક્ષુ આમ ક્રમશઃ આત્મવિકાસ કરતો રહે તો, કોઈ ધન્ય પળે આત્માનુભૂતિ પામી, તે સ્થિરા નામની પાંચમી કે તેનાથી ઉપરની યોગદૃષ્ટિ પામે છે. ગુણસ્થાનકની અપેક્ષાએ જોતાં, સ્વાનુભૂતિ લાધતાં તે પહેલા ગુણઠાણેથી સીધો ચોથા – અવિરત સમ્યગ્દૃષ્ટિ – ગુણસ્થાને કે આગળ વધીને યાવત્ સાતમે ગુણસ્થાને જઈ પહોંચે છે.

### *૪. અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન :*

સમ્યગ્દર્શન એક અનુપમ ઉપલબ્ધિ છે; એ એક અનુભવ છે. માત્ર કોઈ ધર્મ, પંથ કે સંપ્રદાયનો ઔપચારિક સ્વીકાર કરી લેવાથી તેની પ્રાપ્તિ થઈ જતી નથી, કે કોઈ એક મત-પંથના અનુષ્ઠાનો અને ક્રિયાકાંડ કરવા માત્રથી એ અનુભવનો માનવી અધિકારી બની જતો નથી; સ્વાર્થ, ઈર્ષ્યા, દ્વેષ, સંકુચિતપણું વગેરે કનિષ્ઠ મનોવૃત્તિઓ, ક્ષુદ્ર વાસનાઓ, કામનાઓ, પૂર્વગ્રહો અને દેહાત્મ-

---

૧૮. યોગદૃષ્ટિ૦ શ્લોક ૧૧૨ અને ૧૨૭-૧૨૮.

ભાવથી માણસ જ્યારે ઉપર ઊઠે છે ત્યારે જ તે આ અનુભવ પામી શકે છે. શુદ્ધ ચૈતન્યનું પોતાને પોતામાં સંવેદન – અર્થાત્ અપરોક્ષ અનુભવ – એનું જ નામ સમ્યગ્દર્શન. કિંતુ અબોધ આત્માઓ પોતાના મત-પંથ પ્રત્યેની મમત્વપ્રેરિત આંધળી શ્રધ્ધા કે ભક્તિને જ સમકિત/સમ્યગ્દર્શન સમજી લે છે, જ્ઞાનીઓ એને 'દષ્ટિરાગ' કહે છે. 'દષ્ટિરાગ રુચિ કાચ, પાચ સમકિત ગણું' એ ટકોર કરીને આપણા પૂર્વાચાર્યોએ આ ભ્રાન્ત અવસ્થાનો નિર્દેશ કર્યો છે.

સ્વાનુભૂતિ થતાં, કમ-માં-કમ આ ગુણસ્થાનની પ્રાપ્તિ થઈ જાય છે. આ ભૂમિકાએ રહેલ વ્યક્તિ, તેની આંતરિક ઝંખના હોવા છતાં, પ્રારબ્ધ કર્મવશ – વીર્યાંતરાય અને પ્રબળ ચારિત્રમોહનીય કર્મના કારણે – *પ્રતિજ્ઞાપૂર્વક* કોઈ વ્રત, નિયમ, ત્યાગ, તપ કે સાધના કરતી-કારવતી ન દેખાય, છતાં એની વિચારધારા શુદ્ધ રહેતી હોઈને મુક્તિ પ્રતિ એની કૂચ ચાલુ રહે છે. આ ભૂમિકાએ સ્થિત વ્યક્તિ તરીકે જૈન પરંપરામાં ચક્રવર્તી ભરત અને શ્રીકૃષ્ણનાં નામ પ્રસિદ્ધ છે. કેવળ બાહ્ય પ્રવૃત્તિના ગજથી આવી વ્યક્તિની સાચી ઓળખ ન થઈ શકે. પ્રવૃત્તિની પાછળ કાર્ય કરતી વૃત્તિની પરખ કરી શકનાર પ્રબુદ્ધ વ્યક્તિઓ જ એમનો અનાસક્ત ભાવ ઓળખી શકે અને એમને યથાર્થ ન્યાય આપી શકે.

### *૫. દેશવિરતિ ગુણસ્થાન*

સ્વાનુભૂતિ પામીને, ભોગ-ઉપભોગ તેમજ આરંભ-સમારંભના ત્યાગના માર્ગે જેણે થોડાં ઘણાં કદમ ઉપાડ્યાં હોય – પ્રતિજ્ઞાપૂર્વક આંશિક વ્રત-નિયમનો સ્વીકાર કર્યો હોય – એવા ગૃહસ્થ સાધકનું આ ગુણઠાણું છે.

### *૬. સર્વવિરતિ ગુણસ્થાન*

કુટુંબ-પરિવાર, ઘરબાર અને પરિગ્રહનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ અને પંચ-મહાવ્રતનો સ્વીકાર કરીને આરંભ-સમારંભથી સર્વથા મુક્ત રહી, સમિતિ અને ગુપ્તિપૂર્વક, આત્મસાધનામાં સંલગ્ન રહેતા આત્મજ્ઞ સંતોની આ ભૂમિકા છે.

અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ અર્થાત્ પ્રમત્તસંયત ગુણસ્થાન – આ ત્રણ ભૂમિકાના વિભાગ પાડનાર તત્ત્વ છે વિરતિની તરતમતા અર્થાત્ આરંભ-સમારંભ અને ભોગ-ઉપભોગના ત્યાગની ઓછીવત્તી માત્રા. આ ત્રણમાંનાં પહેલાં બે ગુણસ્થાનક *આત્માનુભવ-સંપન્ન* ગૃહસ્થ સાધકનાં છે અને છેવટનું *આત્મજ્ઞાની* મુનિનું છે.

પ્રસ્તુત ત્રણે ભૂમિકાએ સમ્યગ્દર્શન ક્ષાયિક કે ક્ષાયોપશમિક હોઈ શકે છે. તેથી પ્રસ્તુત ત્રણે ભૂમિકાસ્થિત સાધકોના, તેમને પ્રાપ્ત સમ્યગ્દર્શનની કોટિ અનુસાર, પાછા બે બે વિભાગ પડે છે. ક્ષાયિક સમ્યગ્દર્શનયુક્ત સાધક ઉત્તરોત્તર વિકાસ કરતો આગળ જ વધતો રહી તે જ ભવમાં કે વધુમાં વધુ ત્રણ ભવની અંદર મુક્તિ અવશ્ય પ્રાપ્ત કરે છે; એનું પતન કોઈ કાળે સંભવતું નથી. જ્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વયુક્ત સાધક સતત સાવધ ન રહે તો એણે પ્રાપ્ત કરેલ ભૂમિકાએથી ઠેઠ પ્રથમ/મિથ્યાત્વ ગુણસ્થાન સુધી તેનું પતન થઈ શકે છે; જોકે વહેલું-મોડું પણ તેનું પુનરુત્થાન અવશ્ય થાય છે.

આત્મદર્શન થયા પછી સાધકનું પતન થવું શક્ય છે કે નહિ તે અંગે યોગવર્તુળોમાં પ્રવર્તતી બે ભિન્ન માન્યતાઓનો સમન્વય, આગમિક શૈલીએ, આ રીતે થઈ જાય છે. કિંતુ, એ નોંધવું રહ્યું કે *'યોગદૃષ્ટિ સમુચ્ચય'* ગ્રંથના કર્તા આચાર્ય હરિભદ્રસૂરિજીના મતે, આત્મદર્શન પામી પાંચમી સ્થિરા દૃષ્ટિમાં પ્રવેશી ચૂકેલા સાધકનું પુનઃ પ્રથમની ચાર દૃષ્ટિની ભૂમિકાએ પતન થવું અસંભવ છે. [૧૯]

ભૌતિક જગતની કોઈ પણ વસ્તુ કે પરિસ્થિતિ જેમ સતત પરિવર્તનશીલ છે તેમ આત્મિક ગુણવિકાસની અંતિમસ્થિતિ પૂર્વેની ભૂમિકાઓ પણ ધ્રુવ/અચલ નથી. એટલે, સાધકે સતત જાગૃત રહી આગળ જવાનો પુરુષાર્થ કરવો રહ્યો; જે આગળ વધવા પ્રયત્નશીલ ન રહે તે પાછળ ધકેલાઈ જાય છે.

છઠ્ઠે ગુણસ્થાનકેથી ઉપર જવા મથતો સાધક પળભર સાતમે ગુણઠાણે પહોંચે છે, પણ બીજી પળે તે છઠ્ઠે પાછો ફરે છે અને ફરી અપ્રમત્ત બની પળભર માટે સાતમે પહોંચે છે – એમ છઠ્ઠા-સાતમા વચ્ચે તે ઝૂલ્યા કરે છે. આમ, અપ્રમત્તભાવે સાધનારત રહેતાં, કોઈ ધન્ય પળે અપૂર્વ પુરુષાર્થ દાખવીને તે ક્ષાયિક માર્ગે આગળ વધે તો, ઉત્તરોત્તર ઉપરનાં ગુણસ્થાનક સર કરતો કરતો અંતર્મુહૂર્તમાં જ મોહ ઉપર સંપૂર્ણ વિજય મેળવી, રાગ-દ્વેષથી સર્વથા મુક્ત બની, કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અર્થાત્ જ્યાંથી કોઈ કાળે પતનનો સંભવ નથી એવી આત્મરમણતાની ચિરસ્થાયી ભૂમિકા – તેરમું ગુણઠાણું – પ્રાપ્ત કરી કૃતકૃત્ય બને છે.

---

૧૯. યોગદૃષ્ટિ., શ્લોક ૧૯.


### *૧૩. સયોગી કેવળી ગુણસ્થાન*

આ ગુણસ્થાન સાધકોનું નહિ પણ આત્મસાધનાનો સમગ્ર પથ સફળતાથી પાર કરીને આત્મવિકાસની સર્વોચ્ચ ટોચે બેઠેલા જીવન્મુક્તોનું છે. આ ગુણસ્થાનકે રહેલ આત્માઓને જૈન પરિભાષામાં 'સયોગી કેવળી' કહે છે. બધા જ સયોગી કેવળીઓ પૂર્ણજ્ઞાની, રાગ-દ્વેષ-મોહથી સદંતર મુક્ત અને નિરંતર આત્મભાવમાં જ લીન હોય છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછીનું તેમનું સમગ્ર જીવન પૂર્ણ નિષ્કામ કર્મયોગના આદર્શ નમૂનારૂપ હોય છે. પ્રારબ્ધકર્મ અનુસાર તે વહ્યે જતું હોય છે; એમને પોતાને કોઈ જ ઇચ્છા કે આકાંક્ષા હોતી નથી – જીવવાનીયે નહિ અને મરવાનીયે નહિ. આયુષ્યની અંતિમ પળોમાં ચૌદમા – અયોગી કેવળી – ગુણસ્થાનકને સ્પર્શી, દેહપિંજરમાંથીયે મુક્ત થઈ જઈ, તેઓ સિદ્ધિગતિને વરે છે / વિદેહમુક્ત બને છે. એ પછી ભવચક્રમાં તેમનું અવતરણ કોઈ કાળે થતું નથી.

***તીર્થંકરો*** પણ આ જ ગુણસ્થાને રહેલા હોય છે. આત્મિક સંપત્તિમાં તેઓ બીજા કેવળીઓ સમાન જ હોય છે. કિંતુ, આગલા જન્મોમાં તેઓને જ્યારે સમ્યગ્દર્શનની પ્રથમ ઉપલબ્ધિ થાય છે ત્યારે તેમના અંતરમાં એવી ઉત્કટ અભિલાષા જાગે છે કે દુઃખસંતપ્ત જગતના સર્વ જીવોને મુક્તિનો માર્ગ ચીંધીને, હું સૌને આ પંથે વિહરતા કરી દઉં. આના પરિણામે તેમને ઉત્કૃષ્ટ પુણ્યલાભ થાય છે. આથી, તીર્થંકર તરીકેના તેમના અંતિમ જન્મમાં જન્મથી જ અમુક અદ્વિતીય વિશેષતાઓ તેમનામાં હોય છે; ધર્મનેતા થવા જ તેઓ સર્જાયા હોય છે. ફલતઃ તેમને જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે અન્ય કેવળીઓથી તેઓ અત્યંત વિશિષ્ટ કોટિના બાહ્ય ઐશ્વર્ય, અભિવ્યક્તિના સર્વોચ્ચ કૌશલ્ય તેમજ આદેયતા આદિ નેતા-પ્રાયોગ્ય અન્ય વિશિષ્ટ શક્તિઓ/'અતિશયો' વડે જુદા તરી આવે છે; અને, પૂર્વે સેવેલી અભિલાષા અનુસાર, ધર્મતીર્થ પ્રવર્તાવી મોક્ષ-માર્ગના સારથિ બને છે.

ગુણવિકાસની ભૂમિકાઓના સંદર્ભમાં, ગુણસ્થાનકની આગમિક શૈલી જ જેની દૃષ્ટિસમક્ષ રહી હોય અને, જૈન પરંપરામાં પ્રચલિત કેટલાંક વ્રત-નિયમ અને કર્મકાંડ કરવા માત્રથી કે ઘરબારનો ત્યાગ કરી પોતે દીક્ષિત જીવન અંગીકાર કર્યું હોવાના કારણે પોતાને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ ચૂકી હોવાનું માનતાં-મનાવતાં હોય એવા શ્રેયાર્થીઓએ, અંતર્મુખ બની, યોગદૃષ્ટિ-સૂચિત ઉપર્યુક્ત વિકાસક્રમના પ્રકાશમાં, પોતાની *વાસ્તવિક* ભૂમિકાનો અંદાજ મેળવી લઈ, આત્મવંચનાના મધુર સ્વપ્નમાંથી જાગી જઈ, પોતાની સાધનાને સાચો વળાંક આપવો ઘટે.

❋



મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી એટલે નવકારથી લઈને ૐકાર, વિજ્ઞાનથી લઈને વિપશ્યના તથા શાસ્ત્રથી લઈને સ્વાનુભૂતિ સુધીના ક્ષેત્રના સમર્પિત સાધક, શોધક અને પ્રબોધક એક સાધનાનિરત સંત. જૈન અધ્યાત્મ અને સાધના માર્ગના માત્ર મર્મજ્ઞ નહિ, પણ સફળ પ્રસ્તોતા તો તેઓ હતા જ; સાથે સાથે અન્ય સાધનાપ્રણાલીઓના ઊંડા અભ્યાસી અને સમન્વયકાર હતા. પ્રસિદ્ધ કવિ-મનીષી શ્રી મકરંદ દવેએ કહ્યું છે તેમ, તેમના શબ્દોમાં અનેક દેશ અને કાળના જ્ઞાનીઓએ સૂચવેલો સનાતન ગુંજાર સંભળાય છે.

'જીવનની સાર્થકતા શામાં?' એ મંથનના પરિપાકરૂપે છવીસ વર્ષની વયે ગૃહત્યાગ કર્યો. સ્વાધ્યાય અને સાધના તેમના જીવનમાં કેન્દ્રસ્થાને રહ્યાં; અને તેના નિષ્કર્ષરૂપે થોડુંક, પણ સ્થાયી મૂલ્ય ધરાવતું, ગંભીર સાહિત્ય તેમણે સમાજને આપ્યું. તેમનું 'વિજ્ઞાન અને અધ્યાત્મ' પુસ્તક વિજ્ઞાન અને ધર્મ વચ્ચેના વિરોધાભાસનો છેદ ઉડાડે છે. 'આપણે આત્મનિરીક્ષણ કરીશું?' ગ્રંથદ્વારા વર્તમાન ધર્મપ્રવૃત્તિની નિર્ભીક સમીક્ષા કરીને, 'આત્મજ્ઞાન અને સાધનાપથ' દ્વારા સાધનાવિષયક સૈદ્ધાંતિક અને વ્યાવહારિક સમજૂતી આપીને તથા 'મુક્તિપથ વિપશ્યના' પુસ્તક દ્વારા સાધનાના શિખર ભણી આંગળી ચીંધીને મુનિશ્રીએ જૈન સંઘને મૌલિક/ક્રાંતિકર માર્ગદર્શન આપ્યું.

જન્મભૂમિ ભુજપુર (કચ્છ). ઈ. સ. ૧૯૨૫ માં જન્મ. ૨૩ જૂન ૧૯૯૨ના દિવસે તીથલ (દ. ગુજરાત) મુકામે કાળધર્મ પામ્યા.